દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૧૧ જૂન, ૨૦૨૬

# દેશમાં સાયબર ક્રાઈમના વધતા વ્યાપે લોકોની ઉંઘ હરામ કરી નાખી છે

જેમ જેમ સુવિધાઓ વધતી જાય છે તેમ તેમ તેના ગેરફાયદાઓ પણ વધતા જાય છે. આજના આધુનિક અને ટેકનોલોજીથી સજ્જ યુગમાં ઇન્ટરનેટ આપણા જીવનનું અનિવાર્ય અંગ બની ગયું છે. સવારના અખબારથી લઈને રાત્રિના ડિજિટલ ટ્રાન્ઝેક્શન સુધીની તમામ પ્રક્રિયાઓ આંગળીના ટેરવે સમેટાઇ ગઈ છે. પરંતુ, સિક્કાની બીજી બાજુ એટલી જ અંધકારમય અને ભયાવહ છે. જે ટેકનોલોજી આપણને સુવિધા આપી રહી છે, તે જ ટેકનોલોજી હવે ગુનેગારો માટે માસૂમ નાગરિકોની આજીવન મૂડી લૂંટવાનું હથિયાર બની ચૂકી છે. તાજેતરમાં ગુજરાત પોલીસના સાયબર સેલ દ્વારા જાહેર કરાયેલા આંકડા ચોંકાવનારા જ નહીં, પણ લાલબત્તી સમાન છે. છેલ્લા ૯ મહિનામાં ઓનલાઇન ભેજબાજોએ ગુજરાતમાંથી કુલ ૯૫૪ કરોડ રૂપિયા ઉસેડી લીધા છે, જેનો સીધો અર્થ એ થાય કે રાજ્યના નાગરિકો સરેરાશ રોજના ૩.૫૩ કરોડ રૂપિયા સાયબર ફ્રોડમાં ગુમાવી રહ્યા છે. આ આંકડા માત્ર સંખ્યા નથી, પરંતુ હજારો પરિવારોની બરબાદી અને માનસિક આઘાતની કાળી વાર્તા છે.

વરિષ્ઠ સાયબર અધિકારીઓ જણાવી રહ્યા છે કે, ગુનેગારો ખાસ કરીને ગુજરાતીઓને નિશાન બનાવીને પોતાની જાળ બિછાવી રહ્યા છે. ગુજરાતીઓના લોહીમાં વેપાર, સાહસવૃત્તિ અને નફો કમાવવાનો ગુણ વણાયેલો છે. આ જ સકારાત્મક ગુણનો ગેરલાભ સાયબર ઠગો ઉઠાવી રહ્યા છે. વધુ વળતર, શેરબજારમાં ટૂંકા ગાળામાં મોટો નફો, ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ અને નકલી ટ્રેડિંગ એપ્લિકેશન્સ જેવી આકર્ષક યોજનાઓ બતાવીને ગુજરાતીઓને લલચાવવામાં આવે છે. જ્યાં રોકાણ અને નફાની વાત આવે, ત્યાં લોકો વગર વિચાર્યે મોટી રકમ ટ્રાન્સફર કરી દે છે અને અંતે છેતરાયાનો અહેસાસ થાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. રોકાણ આધારિત છેતરપિંડી ઉપરાંત 'ડિજિટલ અરેસ્ટ', લોન એપ્સ દ્વારા બ્લેકમેઇલિંગ, ફેક કસ્ટમર કેર અને ઓટીપી સ્કેમ જેવા નવા-નવા કીમિયા અજમાવીને લોકોના બેંક ખાતાઓ ખાલી કરવામાં આવી રહ્યા છે. ગુજરાત પોલીસે હાલમાં તો સક્રિયતા દાખવીને ૩૩૪ કરોડ રૂપિયા ફ્રીઝ કર્યા છે અને પીડિતોને ૯૪ કરોડ રૂપિયા પરત અપાવ્યા છે. સાથે સાથે ૨,૨૮૯ કરોડના આંતરરાજ્ય છેતરપિંડી નેટવર્કનો પર્દાફાશ કરીને ૬૩૮ લોકોની ધરપકડ કરવામાં આવી



છે. પરંતુ, પકડાયેલા ગુનેગારો અને ફ્રીઝ કરાયેલી રકમ તો માત્ર હિમશિલાની ટોચ સમાન છે. ખરો પડકાર એ છે કે આ સાયબર સિન્ડિકેટ્સ ભારતના અંતરિયાળ ગામડાઓ અથવા તો દુબઈ, કંબોડિયા અને મ્યાનમાર જેવા વિદેશી ભૂમિ પરથી ઓપરેટ થઈ રહ્યા છે. સ્થાનિક સ્તરે માત્ર 'મ્યુલ એકાઉન્ટ્સ' અથવા કમિશન પર કામ કરતા એજન્ટો જ પકડાય છે, જ્યારે મુખ્ય સૂત્રધારો કાયદાના સકંજાથી દૂર જ રહે છે.

સાયબર ગુનાઓમાં બેંકોની જવાબદારી માત્ર ખાતા ખોલવા પૂરતી સીમિત ન હોવી જોઈએ. 'નો યોર કસ્ટમર' પ્રક્રિયામાં રહેલી છટકબારીઓનો લાભ લઈને જ ગુનેગારો નકલી દસ્તાવેજોના આધારે મ્યુલ એકાઉન્ટ્સ ખોલાવે છે, જેમાં છેતરપિંડીના કરોડો રૂપિયા ડાયવર્ટ થાય છે. બેંકોએ પોતાની સિસ્ટમને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી સજ્જ કરવી પડશે જેથી અસામાન્ય ટ્રાન્ઝેક્શન્સ અને ડિજિટલ અરેસ્ટ જેવી શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર ત્વરિત નજર રાખી શકાય. સરકાર ગમે તેટલી સખત બને કે પોલીસ ગમે તેટલી આધુનિક થાય, જ્યાં સુધી સામાન્ય નાગરિક પોતે ડિજિટલ ક્ષેત્રે સાક્ષર અને સાવધ નહીં બને ત્યાં સુધી સાયબર ક્રાઇમ નાબૂદ કરવો અશક્ય છે. લાલચ એ સાયબર ગુનેગારોનું સૌથી મોટું હથિયાર છે. નાગરિકોએ એ સમજવાની જરૂર છે કે રાતોરાત પૈસા બમણા કરવાની કોઈ કાયદેસર યોજના હોતી નથી.

કોઈપણ અજાણી વ્યક્તિ ફોન પર પોલીસ, સીબીઆઈ કે કસ્ટમ્સ અધિકારી બનીને ડરાવે, તો ગભરાવાના બદલે તુરંત સ્થાનિક પોલીસનો સંપર્ક કરવો જોઈએ. કાયદા અમલીકરણની કોઈ સંસ્થા ક્યારેય ફોન પર કે વીડિયો કોલ પર કોઈની 'ડિજિટલ ધરપકડ' કરતી નથી. જો સુરક્ષિત અને આર્થિક રીતે સુદ્રઢ રહેવું હશે તો આપણે ડિજિટલ હાઈજીન અપનાવવું જ પડશે. સાથે સાથે પોલીસની પણ એ ફરજ છે કે આવી જે કોઈ ગેંગની પ્રવૃત્તિ તેના ધ્યાન પર આવે તો તે તુરંત પગલાઓ લઈને તેને જબ્બે કરવી જોઈએ. સાયબર ક્રાઈમને અંકુશમાં લાવવા માટે લોકો અને પોલીસે સાથે મળીને કામ કરવું પડશે. જો તેમ થશે તો જ તેનો અર્થ સરશે તે નક્કી છે.

# આવતાં બે વર્ષ ખેતી અને ખેડૂત માટે ભયાનક? ૨૦૨૬માં 'સુપર અલ નીનો'નું મોટું સંકટ

ભારત એક કૃષિપ્રધાન દેશ છે, જ્યાં આજે પણ અડધાથી વધુ ખેતી સીધી રીતે આકાશી વરસાદ એટલે કે ચોમાસા પર નિર્ભર છે. આવી સ્થિતિમાં જો ચોમાસું રૂઠે, તો માત્ર ખેડૂત જ નહીં પરંતુ આખા દેશનું આર્થિક તંત્ર ખોરવાઈ જાય છે. હવામાન વિભાગ (IMD) અને વૈશ્વિક સંસ્થાઓના તાજેતરના અહેવાલો મુજબ, વર્ષ ૨૦૨૬ અને ૨૦૨૭ ભારતીય ખેતી અને ખેડૂતો માટે અત્યંત કપરાં સાબિત થવાના સંકેતો મળી રહ્યા છે.

ખેડ, ખાતર અને પાણી, નસીબને લાવે તાણી... ખેડૂત માટે તો કહેવત છે કેઃ ચોર ખાય, મોર ખાય, ઢોર ખાય અને બાકી વધે તે ખેડૂતને ભાગે જાય! ૨૦૨૬ અને ૨૦૨૭નાં આગામી બે વર્ષો ભારતીય ખેતી અને જગતના તાત એવા ખેડૂતો માટે અત્યંત ચિંતાજનક અને કપરાં સાબિત થઈ શકે છે, કારણ કે કુદરત આ વખતે ભારતીય ચોમાસા પર બેવડો પ્રહાર કરવાની તૈયારીમાં છે. સામાન્ય રીતે ભારતમાં ચોમાસું દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ફૂંકાતા મોસમી પવન દ્વારા આવે છે, જેમાં ઉનાળા દરમિયાન ભારતની ધરતી પર રચાતા નીચા દબાણના પટ્ટા તરફ હિંદ મહાસાગર અને અરબી સમુદ્રના ભેજવાળો પવન આકર્ષાય છે. ૧ જૂન આસપાસ કેરળના કિનારે ટકરાયા બાદ આ ચોમાસું અરબી સમુદ્ર અને બંગાળની ખાડી એમ બે શાખાઓમાં વહેંચાઈને જુલાઈના મધ્ય સુધીમાં સમગ્ર દેશને આવરી લે છે. પરંતુ વર્ષ ૨૦૨૬માં આ કુદરતી ચક્ર ખોરવાય તેવી ગંભીર આશંકાઓ સેવાઈ રહી છે, કારણ કે ભારત હવામાન વિભાગ (IMD) દ્વારા દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટેનો વરસાદનો અંદાજ ઘટાડીને લોન્ગ પિરિયડ એવરેજ (LPA) ના માત્ર ૯૦% કરી દેવાયો છે, જે સામાન્ય કરતાં ઘણો ઓછો વરસાદ દર્શાવે છે.

આ નબળા ચોમાસા પાછળનું મુખ્ય કારણ પ્રશાંત મહાસાગરમાં આકાર લઈ રહેલું 'સુપર અલ નીનો'નું જોખમ છે. સ્પેનિશ ભાષામાં 'અલ નીનો'નો અર્થ 'નાનું બાળક' થાય છે, જે વાસ્તવમાં ભૂમધ્યરેખીય પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં વધુ ગરમ થવાની એક જટિલ ભૌગોલિક ઘટના છે. જ્યારે પણ વૈશ્વિક સ્તરે અલ નીનો સક્રિય થાય છે, ત્યારે તે વૈશ્વિક પવનની પેટર્ન બદલી નાખે છે અને ભારતમાં ચોમાસાને નબળું પાડીને દુષ્કાળ જેવી સ્થિતિ પેદા કરે છે. ઈતિહાસ સાક્ષી છે કે ભારતમાં ૨૦૦૨, ૨૦૦૯ અને ૨૦૧૫માં પડેલા ભયંકર દુષ્કાળ તેમજ પાક નિષ્ફળ જવાની ઘટનાઓ આ અલ નીનોને કારણે જ થઈ હતી; તાજેતરમાં ૨૦૨૩માં પણ તેના કારણે વરસાદ સામાન્ય કરતાં ઓછો રહ્યો હતો. વર્ષ ૨૦૨૬ના ઉત્તરાર્ધમાં વૈશ્વિક હવામાન મોડલ્સ એક અત્યંત શક્તિશાળી 'સુપર અલ નીનો' વિકસિત થવાની કડક ચેતવણી આપી રહ્યા છે, જેના કારણે મધ્ય ભારત, દક્ષિણ દ્વીપકલ્પ અને ગુજરાત સહિતના ઉત્તર-પશ્ચિમ ભારતના મુખ્ય કૃષિ વિસ્તારોમાં ભારે દુષ્કાળની સ્થિતિ સર્જાઈ શકે છે. આ સંકટની શરૂઆત જૂન મહિનાથી જ દેખાવા લાગી છે, જ્યાં ચોમાસાના આગમનમાં વિલંબની સાથે દેશભરમાં આકરા હીટવેવ (લૂ) નો પ્રકોપ જોવા મળી રહ્યો છે.

આ ભયાનક હવામાનની સીધી અને ઘાતક અસર ભારતીય ખેતી અને દેશના ગ્રામીણ અર્થતંત્ર પર પડવાની પૂરેપૂરી આશંકા છે. ભારતમાં અડધાથી વધુ ખેતી સીધી રીતે વરસાદ પર નિર્ભર હોવાથી, ડાંગર (ચોખા), કપાસ, મકાઈ, સોયાબીન અને મગફળી જેવા મુખ્ય ખરીફ પાકનું વાવેતર કાં તો બહુ મોડું થશે અથવા પાણીના અભાવે ઊભો પાક સુકાઈ જશે જેને લીધે ખેતીનું ધનોતપનોત નીકળી શકે છે. ચોમાસાની આ તંગી માત્ર ખરીફ પાક પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ ઓછો વરસાદ થવાને કારણે દેશનાં મોટાં જળાશયો અને ડેમોમાં

### ઈકો-નોમિક્સ

**ડૉ.જયનારાયણ વ્યાસ**

> **પરંતુ વર્ષ ૨૦૨૬માં આ કુદરતી ચક્ર ખોરવાય તેવી ગંભીર આશંકાઓ સેવાઈ રહી છે, કારણ કે ભારત હવામાન વિભાગ (IMD) દ્વારા દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટેનો વરસાદનો અંદાજ ઘટાડીને લોન્ગ પિરિયડ એવરેજ (LPA)ના માત્ર ૯૦% કરી દેવાયો છે, જે સામાન્ય કરતાં ઘણો ઓછો વરસાદ દર્શાવે છે**

પાણીનું સ્તર ઘટી જશે, જેની સીધી નકારાત્મક અસર આગામી શિયાળુ (રવિ) પાકની સિંચાઈ પર પણ પડશે. પાક નિષ્ફળ જવાથી અને ઉત્પાદન ઘટવાથી બજારમાં અનાજ, કઠોળ અને શાકભાજીની ભારે અછત સર્જાશે જે દેશમાં ખાદ્ય મોંઘવારી (Food Inflation)ને આકાશે પહોંચાડશે.

ખેડૂતોની આવક તળિયે બેસી જવાને કારણે ગ્રામીણ બજારોમાં ખરીદશક્તિ અને માંગ સાવ નબળી પડી જશે, જે આખરે ભારતીય અર્થવ્યવસ્થાની ગતિને પણ ધીમી પાડી દેશે.

આવાં ગંભીર આર્થિક અને સામાજિક સંકટનાં એંધાણ હોવા છતાં, આ વિકટ પરિસ્થિતિ વચ્ચે કુદરત તરફથી આશાનું એકમાત્ર કિરણ હિંદ મહાસાગરમાં સર્જાતો 'પોઝિટિવ ઈન્ડિયન ઓશન ડાયપોલ'(Positive IOD) છે, જે જો ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં મજબૂત બને તો અલ નીનોની નકારાત્મક અસરોને કંઈક અંશે કાપી શકે છે. તેમ છતાં, માત્ર નસીબના ભરોસે બેસી રહેવાને બદલે કૃષિ મંત્રાલય અને સરકારે અત્યારથી જ જિલ્લા સ્તરે કટોકટી આયોજન (Contingency Plans) સાથે યુદ્ધના ધોરણે મેદાને આવવું પડશે. આ માટે ખેડૂતોને ડાંગર કે શેરડી જેવા વધુ પાણી માગતા પાકને બદલે ઓછા પાણીમાં થતા જાડા ધાન્ય (બાજરી, જુવાર જેવા મિલેટ્સ) અને દુષ્કાળ સામે ટકી શકે તેવાં ખાસ સંશોધિત બિયારણોના ઉપયોગ તરફ વાળવા પડશે તેમજ ટપક સિંચાઈ (Drip Irrigation)ને ફરજિયાત બનાવવી પડશે.

૨૦૨૬-૨૭નું વર્ષ ભારતીય કૃષિ જગત માટે માત્ર કુદરતી કસોટીનું નથી, પરંતુ આપણી આયોજન શક્તિની પણ પરીક્ષા છે. ચોર, મોર અને ઢોર જેવી આફતો સામે લડતો દેશનો ખેડૂત જો આ વખતે 'સુપર અલ નીનો'ના કારણે ભાંગી પડશે, તો તેની સીધી અસર દેશની આર્થિક કરોડરજ્જુ પર પડશે. ભારતનાં સરકારી ગોદામોમાં અનાજનો પૂરતો બફર સ્ટોક ઉપલબ્ધ હોવાથી દેશની એકંદર ખાદ્ય સુરક્ષા પર મોટો ખતરો નથી, પરંતુ જો કરોડો ખેડૂતોની આજીવિકા અને ગ્રામીણ ભારતને બરબાદીમાંથી બચાવવું હશે, તો શાસકો અને ખેડૂતો બંનેએ જાગૃત થઈને અત્યારથી જ પાણીના કાર્યક્ષમ વ્યવસ્થાપનના આગોતરા પગલાં લેવાં જ પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## અરીસો અને છાયા

એક ગામમાં એક ઝેન માસ્ટર રહેતા હતા. એક સ્ત્રી તેમની પાસે આવી અને કહ્યું, 'માસ્ટર,મારું જીવન દુઃખથી ભરેલું છે.ક્યાંય મને આનંદ કે સુખ મળતું નથી.મને ગમે તેવું જીવનમાં કંઈ થતું નથી. કોઈ મને પ્રેમ કરતું નથી, કોઈને મારી કદર નથી..... ' આવું ઘણું ઘણું તેણે કહ્યું. તેની ફરિયાદો લાંબીલચક હતી.

માસ્ટરે તેને શાંતિથી સાંભળી અને પછી તેઓ ઊભા થયા અને અંદરના ઓરડામાં જઈને હાથમાં એક અરીસો લઈને પાછા આવ્યા અને અરીસો પેલી સ્ત્રીના હાથમાં આપ્યો અને કહ્યું, 'આ અરીસામાં જુઓ.' સ્ત્રીએ અરીસામાં જોયું. તેને પોતાની છાયા દેખાઈ. માસ્ટરે કહ્યું, 'તારું દુઃખ આ અરીસામાં દેખાતી તારી છાયા જેવું છે. તે વાસ્તવિક નથી.'



ચાર્જિંગ પોઈન્ટ

**હેતા ભૂષણ**

સ્ત્રીએ પૂછ્યું, 'એટલે? મારા જીવનમાં દુઃખ ભલે છાયા જેવું હોય પણ છે તો હું શું કરું?' માસ્ટરે કહ્યું, 'અરીસાને સાફ કરીએ તો છાયા બરાબર દેખાય તેમ તારા મનને સાફ કર. કદાચ દુઃખની દેખાતી છાયામાં કૈંક બદલાવ આવે.' સ્ત્રીએ કહ્યું, 'આ અરીસો તો હમણાં એક કપડાથી સાફ થઈ જશે પણ મનને સાફ કરવા શું કરું?' માસ્ટર બોલ્યા, 'તારા મનને ગમે તે કર...મનગમતી પ્રવૃત્તિ કર.'

સ્ત્રીએ થોડી વાર વિચાર્યું પછી તેણે મનગમતી પ્રવૃત્તિઓ લખી અને દરરોજ કરવાનું શરૂ કર્યું. સૌથી પહેલાં તેણે દરરોજ ધ્યાન કરવાનું શરૂ કર્યું. તે બગીચામાં કામ કરતી, પક્ષીઓને જોતી, ફૂલોના રંગોને જોઇને આનંદિત થતી. ધીરે ધીરે તેના મનના ખોટા વિચારો ઓછા થયા. એક દિવસ તેણે જોયું કે તેના મનમાં આજે કોઈના પ્રત્યે ફરિયાદ નથી અને એટલે કોઈ દુઃખનો અનુભવ થતો નથી.તે માસ્તરનો આભાર માનવા તેમની પાસે દોડી ગઈ અને બધી વાત કરી.

માસ્ટરે તેને કહ્યું, 'આપણું જીવન એક અરીસો છે. જે તું વિચારે છે ,વાગોળે છે તે જ પ્રતિબિંબિત થાય છે.તું વિચારતી હતી તું દુઃખી છે કે સતત બીજા તને દુઃખી કરે છે તેવી ફરિયાદ કરતી હતી એટલે તારા જીવનના અરીસામાં તે જ પ્રતિબિંબિત થતું હતું. તું સમજ કે ક્રોધ, ઈર્ષ્યા, ફરિયાદ બધું મનનું સર્જન છે અને દુઃખ આપણા વિચારોનું પરિણામ છે.તેં મનને મનગમતી પ્રવૃત્તિમાં વાળ્યું એટલે ખોટા વિચારો છૂટી ગયા, દુઃખના વિચારો ગાયબ થઈ ગયા અને આનંદ મળ્યો.' માસ્ટરે મનને સાફ રાખવાની રીત અને સમજ આપી સ્ત્રીના જીવનને બદલી નાખ્યું.

# હિમાલયમાં આવાં સંકટો વધતાં જશે

ઊંચા પહાડો, તડકે ચળકતાં તેમનાં હિમશિખરો, સીધા ઢોળાવવાળી ઊંડી ખીણો, પર્વતોની વચ્ચે વહેતી નદીઓ કે એકદમ સ્વચ્છ પાણીનાં સરોવર, નજરે પડતી છૂટીછવાઈ લીલોતરી અને તેની વચ્ચે વસેલાં નાનકડાં ગામ. હિમાચલ પ્રદેશ જેવા, હિમાલયનો મોટો વિસ્તાર ધરાવતા રાજ્યમાં આવાં મનમોહક દૃશ્યોની નવાઈ નથી. આ રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી છે, એ કશા અભ્યાસ કે સર્વેક્ષણ વિના પણ સમજાઈ જાય. અલબત્ત, હજી એવા અનેક વિસ્તારો છે કે જ્યાં પ્રવાસીઓ પહોંચ્યાં છે ખરાં, પણ તેમનાં ધાડેધાડાં નથી ઊમટી પડ્યાં. એવા વિસ્તારોમાં આવી પરિસ્થિતિ ક્યાં સુધી રહેશે એ સવાલ છે. પ્રવાસનને કારણે માળખાકીય સુવિધાઓનો વિકાસ અને તેને પગલે રોજગારની તકો ઊભી થાય છે, જે સ્થાનિકો માટે જરૂરી હોય છે. આ બધું એક હદ સુધી બરાબર છે, કેમ કે, છેવટે બધો બોજો જે તે વિસ્તારના પર્યાવરણ પર પડે છે.

હિમાલયનો પહાડી વિસ્તાર ધરાવતાં ક્ષેત્રોમાં છેલ્લાં થોડાં વરસોમા દુર્ઘટનાઓનું વધી રહેલું પ્રમાણ આ હકીકતનો પુરાવો તેમજ પરચો છે. કુદરતી આપત્તિ જેવી જણાતી દુર્ઘટનાઓમાં માનવસર્જિત પરિબળો ઉમેરાતાં જે હાનિ થાય છે એ હવે છાની નથી, એમ અનેક સ્થળો પર આપત્તિનો ખતરો તોળાઈ રહ્યો છે.

કુલ્લુ ખીણને લાહૌલ-સ્પિતિ ખીણ સાથે જોડતી અટલ ટનલ બન્યા પછી સાવ દુર્ગમ ગણાતો આ વિસ્તાર હવે પહોંચની રીતે સુગમ બન્યો છે. ટનલ બન્યા પહેલાં અવરજવર રોહતાંગ પાસ દ્વારા થતી, જે વર્ષ દરમિયાન માંડ પાંચ-છ મહિના ખુલ્લો રહે છે. આશરે તેર હજાર ફીટ જેટલી ઊંચાઈએ હોવાથી અહીં વાતાવરણની અનિશ્ચિતતા પુષ્કળ હોય છે. કુલ્લુ ખીણ વટાવીને લાહૌલ-સ્પિતિ ખીણમાં પ્રવેશતાં જ આખું ભૂપૃષ્ઠ બદલાઈ જાય છે. 2020માં અટલ ટનલ આરંભાયા પછી હવે અહીં પર્યટકોની ભીડ ઊમટી પડે છે. જ્યાં સાવ પાંખો વાહનવ્યવહાર હતો તેને બદલે રોજનાં બેએક

### ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

> **આમ થવાનું કારણ? 'જર્નલ ઓફ લેશિયોલોજિ'માં પ્રકાશિત એક અભ્યાસમાં જણાવાયા અનુસાર ઘેપન ગ્લેશિયરમાં દર વર્ષે જેટલો બરફ જામે છે, એનાથી અનેક ગણી વધુ માત્રામાં તે પીગળી રહ્યો છે**

હજાર વાહનો અહીંથી પસાર થાય છે, જે પ્રવાસની મોસમમાં વધીને પાંચેક હજારે પહોંચે છે. અઢળક પ્રવાસીઓ અહીં ઠલવાય છે, એમ અહીંથી પસાર થતાં પણ તેઓ થોભે છે.

ગામલોકો આનાથી રાજી હોય એ સમજી શકાય એમ છે, કેમ કે, તેમની આવકમાં ઘણો વધારો થયો છે. આમ છતાં, તેમના દિલમાં એક છૂપો ડર સળવળતો રહે છે ખાસ કરીને વરસાદની મોસમમાં. આ ગામથી અગિયારેક કિ.મી. ના અંતરે, તેરેક હજાર ફીટની ઊંચાઈએ ઘેપન સરોવર આવેલું છે. આ સરોવરમાં પાણીની આવકનો સ્રોત છે આસપાસની હિમનદીઓ એટલે કે ગ્લેશિયરો. આ સરોવરનો ઉત્તરોત્તર વિસ્તરતો જતો વિસ્તાર ચિંતાનું મુખ્ય કારણ છે. 1989માં તેનો વિસ્તાર 36.49 હેક્ટર હતો, જે 2022 સુધીમાં વિસ્તરીને 101.30 હેક્ટર થઈ ગયો. એટલે કે ત્રણેક દાયકામાં લગભગ ત્રણ ગણો. આ કારણે 'રાષ્ટ્રીય આપત્તિવ્યવસ્થાપન સ્તામંડળ' (એન.ડી.એમ.એ.) દ્વારા તેને 'અતિ સંવેદનશીલ'ની શ્રેણીમાં મૂકાયું છે. વિજ્ઞાનીઓને આશંકા છે કે આ સરોવર ફાટશે તો સૌથી પહેલું અને સૌથી વધુ જોખમ સિસ્સૂ ગામ પર છે. હૈદરાબાદના 'નેશનલ રિમોટ સેન્સર સેન્ટર' દ્વારા તૈયાર કરાયેલા 'રીસ્ક એસેસમેન્ટ રિપોર્ટ' અનુસાર સરોવર ફાટવાની કુલ આઠ પ્રકારની સ્થિતિઓનું આકલન કરવામાં આવ્યું છે. આ તમામ સ્થિતિઓમાં સિસ્સૂ ગામ 'રેડ ઝોન' એટલે કે સૌથી વધુ જોખમ ધરાવતા વિસ્તારમાં છે. સરોવર અને ગામની વચ્ચે આવેલા તીવ્ર ઢોળાવને કારણે પાણી અને તેની સાથે વહી આવતા કાટમાળની ગતિ અતિશય ઝડપી બની શકે છે. સિસ્સૂ પછી ગોશાલ, તાંદી જેવાં ગામનો વારો આવે. સૌથી બદતર સ્થિતિમાં સરોવર ફાટ્યા પછી એકવીસ મિનીટમાં જ પાણી ગામ સુધી ધસી આવે, જેની ગતિ 43 કિ.મી. પ્રતિ કલાકની અને ઊંડાઈ વીસેક મીટર સુધીની હોવાનું અનુમાન છે.

આમ થવાનું કારણ? 'જર્નલ ઓફ લેશિયોલોજિ'માં પ્રકાશિત એક અભ્યાસમાં જણાવાયા અનુસાર ઘેપન ગ્લેશિયરમાં દર વર્ષે જેટલો બરફ જામે છે, એનાથી અનેક ગણી વધુ માત્રામાં તે પીગળી રહ્યો છે. કેમ કે, છેલ્લા ત્રણ-ચાર દાયકામાં હિમાલયના વિસ્તારોનું તાપમાન ઝડપભેર વધ્યું છે. પહેલાં જે વિસ્તારોમાં હિમવર્ષા થતી હતી ત્યાં હવે વરસાદનું પ્રમાણ વધ્યું છે. વરસાદને કારણે ગ્લેશિયરના પીગળવાની ઝડપ વધી છે. આ એક સાતત્યપૂર્વક થતી રહેતી પ્રક્રિયા છે, જે એક વાર આરંભાયા પછી વધ્યા જ કરે છે. ગ્લેશિયરના પીગળવા માટે કેવળ તાપમાનમાં વૃદ્ધિ જ નહીં, વરસાદનું બદલાયેલું સ્વરૂપ પણ જવાબદાર છે. આની અસર કેવળ એકલદોકલ ગ્લેશિયર પર નહીં, સમગ્ર હિમાલયનાં ક્ષેત્રો પર થાય છે.

સરોવર ફાટવાથી પૂર આવે તો ભારે પ્રમાણમાં પથ્થરો સહિત અન્ય કાટમાળ નીચે ધસી આવશે. 34 વસાહતો, ખેતીલાયક 204 હેક્ટર જમીન, 57 પુલ અને 106 કિ.મી. જેટલી સડકનો વિસ્તાર સીધેસીધો અસરગ્રસ્ત થશે. મનાલી-લેહ ધોરીમાર્ગ, અટલ ટનલ તેમજ પ્રવાસન સાથે સંકળાયેલી માળખાકીય સુવિધાઓ પણ તેનો ભોગ બનશે અને આ અસર કેવળ હિમાચલ પ્રદેશ પૂરતી સીમિત ન રહેતાં, ચિનાબ નદી દ્વારા છેક જમ્મુ અને કાશ્મીર સુધી જોવા મળી શકે.

આની સામે સિસ્સૂ ગામમાં આગોતરી તૈયારી યોગ્ય ન હોવાના અહેવાલ છે. એવું નથી કે સરોવર કાલે ને કાલે ફાટશે. કદાચ ન પણ ફાટે. છતાં માનવીય ગતિવિધિઓએ માનવજાત માટે જ કેવાં કેવાં જોખમ ઊભાં કર્યાં છે એ જાણીને ખેદ થાય એવું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સ્વચ્છતા અંગે નાગરિક ધર્મ

આપણા શહેરમાં પ્રતિદિન કચરો લેવા તંત્ર તરફથી કચરાગાડી નિયમિત આવે જ છે તો પણ અનેક સ્થળે કચરાના ઢગલા દશ્યમાન થાય છે. દા.ત. વિવેકાનંદ બ્રીજના નાકે, નવયુગ કોલેજ પાછળ, બી.એસ.એન.એલ.ની ઓફિસની બાજુમાં, કાદરશાની નાળ વગેરે અનેક સ્થળે નાગરિકો કચરાના ઢગલા કરતાં હોય છે. તંત્રે મોટી કચરાપેટી શા માટે ઉઠાવી લીધી એ પણ એક પ્રશ્ન છે. નાની કચરાપેટીમાં કચરો સમાતો જ નથી. રહેણાંક વિસ્તારમાં કોઈના ઘર સામે કચરો ઠાલવવો એ કેટલે અંશે યોગ્ય કહેવાય અને તે પણ કેરીની સીઝનમાં! ત્યાં વસતાં શહેરીજનોને દુર્ગંધ સહન કરવાની? નાની કચરાપેટીમાંથી રખડતાં શ્વાન ખોરાકની શોધમાં અસ્તવ્યસ્ત કરી જાહેર રસ્તા પર કચરો ફેલાવે છે. તંત્રે બ્રીજ ઉપર જાળી લગાવી છે તો પ્રજાજનો જાળીમાં પ્લાસ્ટીકની કોથળી ફસાવી કચરો નદીમાં પધરાવવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે! નદીને માતા કહીએ તો આ રીતે દૂષિત કરવાનો શું હક છે પ્રજાજનોને? પક્ષીઓને ગાંઠિયાં નુકસાનકર્તા છે. તો પણ પુણ્યની શોધમાં બ્રીજ પર ગાંઠિયાનું સામ્રાજ્ય ફેલાયેલું હોય છે! બધી ફરજ તંત્રની જ છે? એક સમજદાર નાગરિક તરીકે શહેરની સ્વચ્છતાની જવાબદારી પ્રત્યેક નાગરિકની નથી?

**સુરત - નેહા શાહ**

## ભારતીય ખેલાડીની જીત

નોર્વે માં ચાલી રહેલી શતરંજ સ્પર્ધા માં આપણા ભારતીય સ્પર્ધક પ્રજ્ઞાનંદ એ સતત ત્રીજી જીત (હેટ્રિક) મેળવી. નોંધપાત્ર વાત એ છે કે આમાની એક જીત તો લાંબા સમય સુધી વિશ્વ ચેમ્પિયન રહેલા કાર્લસન મેગ્સન સામે ની, અને એ પણ કાળા મહોરા થી આ સિધ્ધી મેળવી હતી. જીત ની હેટ્રિક ની બીજી પણ આ પ્રકારે "કાળા રમકડા" થી રમી ને જ મેળવી હતી. સામાન્ય રીતે કાળા મહોરા થી જીતવુ અઘરૂ હોય છે, કેમ કે સફેદ ને પેહલા ચાલવાની તક હોવાને કારણે એ વ્યુહરચના નક્કી કરી શકે છે. અસ્તુ.

**સુરત -ચેતન સુશીલ જોષી**

## દેશની વસ્તી વિસ્ફોટ વિશે વિચારો

દેશના વિકાસની વાત કરીએ તો ઝડપથી વસ્તી વૃદ્ધિ થઈ રહી છે. તેના પ્રમાણમાં જમીનો વધતી નથી. વિકાસ ના ફળ દરેક વ્યક્તિ ને મળવા જોઈએ તેમ થતું નથી. પૃથ્વી પર અવતરણ માટે દરેક વસ્તુ ઉપલબ્ધ કરાવવી પડે. વિકાસ ના ફળ વસ્તી વધારો ખાઈ જાય છે. વધતી વસ્તીને રોકી ના શકાય પણ આવનારા 100વર્ષ માટે રહેઠાણ ની વ્યવસ્થા માટે અત્યારથી જ આગોતરું આયોજન કરવું પડે. જેમ આજથી 100વર્ષ પહેલાં ડેમ, રસ્તાઓ, પુલ વગેરેનું આયોજન કરેલ તેવું આયોજન આવનારી પેઢી માટે કરવું જ જોઈએ. હાલમાં મોટાં શહેરોમાં ટ્રાફિક નિયંત્રણ માટે મેટ્રો, બુલેટ ટ્રેન, જાહેર પરિવહન ની જોગવાઈ કરવામાં આવી રહી છે તેમ છતાં ટ્રાફિક ને સરળ સંચાલનમાં મુશ્કેલી અનુભવવી પડે છે. વધતી વસ્તી ના પ્રમાણમાં દરેક બાબતની જરૂરિયાત રહેવાની. ભવિષ્ય ના આયોજન માટેનો માસ્ટર પ્લાન અત્યારથી જ બનાવવાનું શરૂ કરવું જોઈએ.

**સુરત -ચંદ્રકાન્ત રાણા**

## ઐતિહાસિક લોર્ડ્સ ટેસ્ટ વિજય

ભારતીય ક્રિકેટ અને ક્રિકેટ રસિકો માટે આજથી 40 વર્ષ પહેલાનો તા. 10/6/1986 નો દિવસ ઈતિહાસ સર્જનારો રહ્યો.જ્યારે ભારતે તેના ક્રિકેટ ઈતિહાસમાં પહેલીવાર શ્રેણીની પહેલી ટેસ્ટ પાંચ વિકેટે લોર્ડસના ઐતિહાસિક અને ક્રિકેટના વડામથક લોર્ડસના મેદાન પર ઈંગ્લેન્ડને હરાવીને જીત મેળવી. ભારતે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનું પસંદ કર્યુ હતુ.ઈંગ્લેન્ડે તેના પહેલા દાવમાં ગ્રેહામ ગુચની સદી ( 114 ) સાથે 294 રન કર્યા હતા.ચેતન શર્માએ 64 રનમાં પાંચ વિકેટ લીધી હતી.જવાબમાં ભારતે તેની પહેલી ઈનિંગ્સમાં મધ્યમ ક્રમના બેટ્સમેન દિલીપ વેંગસરકારની સદી ( 124 ) સાથે 341 રન કર્યા.અમરનાથે 69 રન કર્યા હતા. 47 રનના દેવા સાથે બીજા દાવમાં રમવા ઉતરેલી ઈંગ્લેન્ડની આખી ટીમ 180 માં ખખડી ગઈ.ભારતે 134 રનનો લક્ષ્યાંક પાંચ વિકેટ ગુમાવીને પૂરો કરતા ભારતને લોર્ડ્સ પર પહેલી ઐતિહાસિક જીત મળી.એક તબક્કે ભારતના ચાર બેટ્સમેન 71 રનમાં આઉટ થયા હતા અને 110 રનમાં અડધી ટીમ પેવેલિયન ભેગી થઈ ગઈ હતી.પણ કેપ્ટન કપિલ દેવે જુદા જ આક્રમક અંદાજમાં 10 બોલમાં 23 રન અને એક ગગનચુંબી સિક્સર સાથે વિજયી ફટકો લગાવી ભારતને ઐતિહાસિક જીત અપાવી હતી. તા.10 જૂન 2026ના રોજ એ વાતને 40 વર્ષ પૂરા થાય છે છતાં ક્રિકેટ રસિક પ્રજાના માનસપટ પર છવાયેલી છે.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

## પ્રિ-મોન્શુન કાર્યવાહી

કુદરતી આપણને તેની ઋતુ બદલતા પહેલા અગમચેતી તો આપે છે પરંતુ આપણા તેને ગણકારતા નથી અથવા ગંભીર રીતે લેતા નથી. જેને પરિણામ માલ-મિલકતને નુકસાન અથવા ગંભીર સમસ્યા ઊભી થઇ શકે છે.

મેઘરાજા બારણે ટકોર મારી રહ્યા છે જેનો પહેલા અનુભવ આપણને તા. 1-6-26 (સોમવાર)ની રાત્રે 2.30 થી 4.00 સુધી થયો. આથી પૂર્વ તે ખાત્રી રૂપે નીચે મુજબના મારા નામ સૂચનો છે. જેનો અમલ કરવા વિનંતી છે. (એ) બિલ્ડીંગ કોરલેક્ષ/ઘરની મીટર પેટી પર જો વરસાદી પાણી લીક થતુ હોય છે તાત્કાલિક રિપેર કરાવી દેવુ. જેથી શોર્ટસર્કીટ નિવારી શકાય. જેથી આગ લાગવાનો ભય ન રહે. (બે) કોમ્પ્લેક્ષની અંદર ગટરો સાફ કરાવી દેવી જેથી હેવી રેઈનમાં ગટર-પાણી બ્લોક ન થાય. (સી) જો ટેરેસમાંથી વરસાદી પાણી ગળતું હોય તો તે પણ તાત્કાલિક વોટર પ્રુફીંગ કરાવી દો. (ડી) જરૂરી રેઈનકોટ, છત્રી, હાથવગા રાખો. તમારા વાહનની ડિકીમાં મૂકી રાખો. વાહનને જરૂરી કવર કરાવી રાખો. અંતમાં prevention is better than care.

**સુરત -દિપક બી. દલાલ**

## શિક્ષકોની દયનીય સ્થિતિ...

ચાણક્યના મુખે ભલે આ વાક્ય મુકાયું હોય કે, "શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદમે પલતે હૈ." પરંતુ અત્યારે સૌથી વધુ દયનીય સ્થિતિ કોઈની હોય તો તે શિક્ષકોની છે. જે દેશ શિક્ષક અને સૈનિકને ગૌરવભેર નથી જાળવી શકતો એ દેશ ક્યારેય ઊંચે નથી આવી શકતો. શિક્ષક દેશને શિક્ષિત કરે છે તો સૈનિક દેશને સુરક્ષિત કરે છે.

થોડાક વખત પર જ શિક્ષકોને SIR ની કામગીરી સોંપવામાં આવી હતી, ત્યારબાદ તરત જ સ્થાનિક ચૂંટણીમાં શિક્ષકોને જોતરવામાં આવ્યાં. હજુ ચૂંટણી પતી જ છે ત્યાં તરત વસ્તી ગણતરીની ફાઈલો શિક્ષકોને પકડાવી દેવામાં આવી. હજુ તો શિક્ષકો એક કામગીરી માંથી શ્વાસ લે ત્યાં તો તરત જ બીજું કામ સોંપી દેવામાં આવતું હોય છે.

દેશમાં લાખો શિક્ષિત બેરોજગારો નોકરી માટે ફાંફાં મારી રહ્યાં છે, તો બીજી બાજુ શિક્ષકો પાસે બિનશૈક્ષણિક કાર્યો કરાવીને શિક્ષકો માથે વધુ વર્કલોડ નાંખી લોહી ચૂસી રહ્યા છે. એક તરફ બધા જ સરકારી ખાતાઓમાં સ્ટાફનો અભાવ વર્તાઈ રહ્યો છે. બેરોજગારોને કામ આપીને દેશનો વહીવટ સુચારુ ન બનાવી શકાય?

સરકાર શું ફક્ત ચૂંટણી લડવા માટે જ હોય છે કે "શાસન" કરવા માટે પણ હોય છે?

**સુરત -પ્રેમ સુમેસરા**

## ફરજ અને અધિકાર

અધિકાર જોઈએ છે પણ નૈતિક ફરજ બતાવાતી નથી. સરકાર, સમાજ વિગેરે વિગેરે સરકારી કે સામાજિક સંસ્થા પ્રજા માટે સુખાકતનું ધ્યાન રાખે છે અને આપે છે. આપણામાં અનૈતિક લાભ આપવાની મનોવિકૃતિ કેટલી હદે વિસ્તરે છે? પણ આપવું નથી. છેતરપિંડી, કાયદાનું ઉલ્લંઘન,સંગ્રહખોરી જેવી સમાજને નુકસાનકારક મનોવૃત્તિને કેટલી વિકૃત બનાવી દીધી છે. ધાર્મિક દેખાતા આડંબરી ભક્તો બે નંબરના બિનલેખિત દાન કરે છે તેનાથી સમાજને શો લાભ થયો! મંદિર મહાલયો, શિવાલયો પાછળ નામની તકતી માટે ઘેલાં અને ઘેલછા કાઢે છે. આ જ નાણાં બેનંબરી નાણાં કે સરકાર પાછલા બારણે ચેક દ્વારા લેવાય અને વ્હાઈટ કરે છે જે ભગવાન આપે છે તેને જ આપણે છેતરીએ.

**અડાજણ -અનિલ શાહ**